નગરપાલિકાઓના વિસ્તારમાં વિદ્યુત/ગેસ આધારીત
સ્મશાન ગૃહો બનાવવા સહાયક અનુદાન આપવા
અંગેની કૈલાસધામ યોજના

ગુજરાત સરકાર,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,
ઠરાવ ક્રમાંક:વસબ/૧૧૨૦૦૬/૪૦૫૮/ર
સચિવાલય, ગાંધીનગર
તારીખ: ૫/૧/૨૦૦૭

આ મુ ખ:-

નગરપાલિકા વિસ્તારમાં પર્યાવરણલક્ષી સમતુલા જળવાઇ રહે અને સ્મશાનગૃહોમાં લાકડાનો વપરાશ ઘટે તે માટે વિદ્યુત/ગેસ આધારીત સ્મશાન ગૃહો ઇચ્છનીય છે. પરંતુ નગરપાલિકાઓની આર્થિક સ્થિતિ વિષમ હોવાથી વિદ્યુત/ગેસ આધારીત સ્મશાન ગૃહો અલ્પ પ્રમાણમાં બંધાય છે. સ્મશાન ગૃહોમાં લાકડાનો વપરાશ ઓછો થાય તેમજ ધુમાડાના કારણે પર્યાવરણ બગડે નહીં તે માટે નગરપાલિકા વિસ્તારમાં વધુને વધુ સ્મશાન ગૃહો બંધાય તે માટે સહાયક અનુદાન આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠ રા વ:-

રાજય સરકારે પુખ્ત વિચારણાને અંતે નગરપાલિકા વિસ્તારમાં વિદ્યુત/ગેસ આધારીત સ્મશાન ગૃહો બાંધવા માટે નીચેની શરતોએ ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ મારફત સહાયક અનુદાન આપવાનું ઠરાવેલ છે.

(૧) આ યોજના માત્ર નગરપાલિકા વિસ્તાર માટે જ લાગુ પડશે.

(૨) યોજનાના ખર્ચ પેટે થનાર ખર્ચની ૫૦ ટકા રકમ રાજય સરકાર તથા ૫૦ ટકા નગરપાલિકાઓએ ભોગવવાનો રહેશે. નગરપાલિકા આ માટે લોક ભાગીદારીનો અભિગમ અપનાવી શકશે તેમજ માન.સંસદ/ ધારાસભ્યશ્રીઓની ગ્રાન્ટમાંથી પણ ખર્ચ મેળવી શકશે.

(૩) વાર્ષિક નિભાવણી ખર્ચ પેટે કોઇ સહાય આ યોજનામાંથી મળવાપાત્ર નથી. પરંતુ જે નગરપાલિકા વિદ્યુત/ગેસ આધારીત અંતિમ ધામ બનાવી લીધેલ છે અને આ યોજનાનો લાભ લેવા ઇચ્છતા નથી તેમને ભઠ્ઠીના ખર્ચના ૩૦ ટકા જેટલી રકમ મદદ તરીકે ફાળવી શકાશે અને આ એકજ વખત ફાળવી શકાશે.

(૪) આ યોજનામાં પ્રથમ ગેસ ઉપલબ્ધ હોય તેને પ્રથમ અગ્રતા ત્યારબાદ જિલ્લાનું હેડ કવાર્ટર કે વધુ વસ્તી ધરાવતી નગરપાલિકાઓનો સમાવેશ કરવાનો રહેશે.

(૫) જે નગરપાલિકાએ લોકભાગીદારીથી ૧૦૦% ટકા ખર્ચ મેળવેલ હોય તેવી નગરપાલિકાને નિભાવણી સહાય કૂલ ભઠ્ઠી ખર્ચના ૩૦% ની મર્યાદામાં પૂરી પાડી શકાશે અથવા બ્યુટીફીકેશન માટે કૂલ ભઠ્ઠી ખર્ચની ૩૦% ની મર્યાદામાં ફાળવણી કરવાની રહેશે.

(૬) સ્મશાન ગૃહમાં થયેલ વીજળી/ગેસ વપરાશ માટે દરેક નગરપાલિકાએ અલગ મીટર કે સબ મીટર રાખવાનું રહેશે.

(૭) ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડે ખર્ચના હિસાબો રાખવા અને યોજનાની અમલવારીની દેખરેખ રાખવાની રહેશે અને સરકારને માહિતગાર કરવાનું રહેશે.

આ યોજનાનો સને ૨૦૦૬-૦૭ ના વર્ષથી અમલ કરવાનો રહેશે.

આ યોજનાનો ખર્ચ માંગણી નંબર ૧૦૨, મુખ્ય સદર ૨૨૧૭: શહેરી વિકાસ-૦૩, નાના અને મધ્યમ નગરોના સંકલિત વિકાસ ૧૯૧-સ્થાનિક સંસ્થાઓ નિગમો શહેરી વિકાસ તંત્રો નગર સુધારણા બોર્ડને સહાય અને નગર સુધારણા બોર્ડ વિગેરેને સહાય (૨૫) યુડીપી-૨૮ રાજ્યના મહાનગરપાલિકા અને નગરપાલિકા વિસ્તારોમાં સ્મશાનગૃહોમાં વીજળી બિલ સામે ખર્ચ અંગે સહાયક અનુદાન (આયોજન) સદરે ઉધારવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

Patel

(દિવ્યાંગ પટેલ)
સેકશન અધિકારી
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

પ્રતિ,

નામદાર રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન.અધ્યક્ષશ્રીના સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
માન. મંત્રીશ્રી(શ.વિ.) ના અંગત સચિવશ્રી.સચિવાલય, ગાંધીનગર
માન.વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર
અગ્ર સચિવશ્રી, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
સર્વે અધિકારીશ્રી, શ.વિ. અને શ.ગૃ.નિ.વિ.સચિવાલય, ગાંધીનગર.
મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ, ગાંધીનગર.
કમિશનરશ્રી, ઇલેક્ટ્રીસીટી ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
નિયામકશ્રી નગરપાલિકાઓ ગુજરાત રાજ્ય, ગાંધીનગર
પ્રાદેશિક નગરપાલિકા નિયામકશ્રી, કલેકટર કચેરી કમ્પાઉન્ડ, રાજકોટ
સર્વે કલેકટરશ્રી,
મુખ્ય અધિકારીશ્રી,સર્વે નગરપાલિકા
એકાઉન્ટન્ટ જનરલ-૧(ઓડીટ) ગુજરાત રાજ્ય, અમદાવાદ.
એકાઉન્ટન્ટ જનરલ-૨(ઓડીટ) ગુજરાત રાજ્ય, રાજકોટ.
સર્વે શાખા, શ.વિ. અને શ.ગૃ.નિ.વિ. સચિવાલય, ગાંધીનગર
પસંદગી ફાઇલ.

33

**નગરપાલિકા વિસ્તારમાં વિદ્યુત/ગેસ આધારીત સ્મશાનગૃહો બનાવવા સહાયક અનુદાન આપવા અંગે -'કૈલાસધામ યોજના.**

ગુજરાત સરકાર
**શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ**
**ઠરાવ નં. વસમ/૧૧૨૦૧૦/SF-૬૧/ધ**
**સચિવાલય, ગાંધિનગર.**
**તા.૨૧/૧૨/૨૦૧૧**

**વંચાણે લીધા :** શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગનો તા. ૫-૧-૨૦૦૭નો ઠરાવ નં. વસભ-૧૧૨૦૦૬-૪૦૫૮-૨

**ઠરાવ :**

આમુખમાં દર્શાવેલ તા. ૫-૧-૨૦૦૭ના ઠરાવથી રાજ્યની નગરપાલિકા વિસ્તારમાં વિદ્યુત/ગેસ આધારિત સ્મશાન ગૃહો બનાવવા માટે સહાયક અનુદાન આપવા અંગેની કૈલાસધામ યોજના અમલમાં મુકવામાં આવેલ છે.

૨. નગરપાલિકા વિસ્તારમાં આવેલ સ્મશાનગૃહોના આધુનિકરણ કામો માટે ઉપરની યોજના હેઠળ સહાયક અનુદાન આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. કાળજીપૂર્વકની વિચારણાના અંતે સરકાર નગરપાલિકા વિસ્તારમાં નગરપાલિકાની માલિકીના સ્મશાનગૃહોના આધુનિકરણ માટે નીચે પ્રમાણેની સહાય આપવાનું ઠરાવે છે.

| નગરપાલિકાની ખર્ચ | નગરપાલિકા દીઠ મળવાપાત્ર સહાયક અનુદાનની રકમ (લાખમાં) |
|---|---|
| અ | ૨૫ |
| બ | ૨૦ |
| ક | ૧૫ |
| ડ | ૧૫ |

૩. સ્મશાનના આધુનિકરણ માટે નીચે મુજબના કામો કરી શકાશે.

1) જમીન સમતળ કરવાનું કામ
2) કંપાઉન્ડ વૉલ,
3) એન્ટ્રેસ પોર્ચ ગેટ સાથે.
4) ઓફીસ રૂમ, વોટરકુલર રૂમ એન્ડ મ્યુઝીક રૂમ.
5) ભગવાનની મૂર્તિ,ગ્લાસ કેબિનેટ સાથે.

C:\Program Files\PMag\kailashdham yojna.doc

ડે.ઓ.વર્ડ નં. ૯૯૨
૩૧/૧૨/૧૨

શ્રી ...

મહુવા નગર સેવા સદન
ઈનવર્ડ નં. ...
તારીખ ...

6) સ્ટાફ ક્વાર્ટર્સ (ચાર)
7) ડેડ બોડી અંતિમ સ્નાન પ્લેટ ફોર્મ (સ્વજનોને બેસવાની વ્યવસ્થા સાથે)
8) વુડન સ્ટોર રૂમ
9) લાકડાની ચીતા કેચી તથા છત સાથે (ત્રણ નંગ)
10) પ્રાર્થના હોલ
11) વોટર ટેંક અને પંપ હાઉસ.
12) પાર્થ વે વીથ પેવીંગ
13) ગાર્ડનીંગ
14) વનીકરણ તથા પાર્કિંગ વ્યવસ્થા
15) ગરમ પાણી માટે સોલાર સિસ્ટમ
16) ટોઈલેટ બ્લોક વીથ સાવર બાથ
17) બાળકો માટે સ્મશાંત ગૃહ વિકાસ સ્મૃતિવન સાથે
18) એંટ્રી આર.સી.સી. રોડ.
19) લાઈટ સીસ્ટમ.
20) મેઈન રોડ તથા ફરતા રોડના ફ્લોરીંગનું કામ
21) ગ્લાસ મોઝેક-પ્રેયર હોલ માટે
22) અન્ડરગ્રાઉન્ડ પાઈપલાઈનની પાઈપો વિ.સામાન તથા મજૂરી

૪. આ અનુદાન મેળવવા માટે કરવાનાં થતા કામોના નકશા તથા અંદાજો તૈયાર કરી તાંત્રિક મંજુરી સહિતની દરખાસ્ત ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડની વહીવટી મંજુરી તથા ગ્રાંટ ચુકવણી માટે કલેક્ટરશ્રીના અભિપ્રાય સહ ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડને મોકલવાની રહેશે.

સ્મશાનગૃહ નગરપાલિકાની માલિકીનું છે. તે અંગેના આધાર-પુરાવા રજુ કરવાના રહેશે. નગરપાલિકા હસ્તકના એક કે તેથી વધુ સ્મશાન ગૃહોમાં સુધારણાની કામગીરી ઉપર જણાવેલ અનુદાનની મર્યાદામાં હાથ ધરી શકાશે. અનુદાનની મર્યાદા ઉપરનો ખર્ચ નગરપાલિકાએ લોકભાગીદારીથી તથા સ્વભંડોળમાંથી કરવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એ.કે. શર્મા)
સેક્શન અધિકારી,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

C:\Program Files\IPMsg\kailashdham yojna.doc

પ્રતિ,

નામદાર રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
માન.અધ્યક્ષશ્રીના સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન.મંત્રીશ્રી (શ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
માન.વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
અગ્રસચિવશ્રી, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
સર્વે અધિકારીશ્રી, શ.વિ. અને શ.ગૃ.નિ.વિ. સચિવાલય, ગાંધીનગર.
મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ, ગાંધીનગર
કમિશ્નરશ્રી, ઈલેક્ટ્રીસીટી ઉદ્યોગભવન, ગાંધીનગર
નિયામકશ્રી નગરપાલિકાઓ, ગુજરાત રાજ્ય ગાંધીનગર
પ્રાદેશિક નગરપાલિકા નિયામકશ્રી, કલેક્ટર કચેરી કમ્પાઉન્ડ, રાજકોટ.
સર્વે કલેક્ટરશ્રી,
મુખ્ય અધિકરીશ્રી, સર્વે નગરપાલિકા.(નગરપાલિકા નિયામકશ્રી મારફત.)
એકાઉન્ટ જનરલ-૧ (ઓડીટ) ગુજરાત રાજ્ય , અમદાવાદ
એકાઉન્ટ જનરલ-૨ (ઓડીટ) ગુજરાત રાજ્ય, રાજકોટ.
સર્વે શાખા. શ.વિ. અને શ.ગૃ.નિ.વિ.. સચિવાલય, ગાંધીનગર.
પસંદગી ફાઈલ.
મદદનીશ પસંદગી ફાઈલ.

કૈલાસધામ યોજના.- નગરપાલિકા વિસ્તારોમાં વિદ્યુત/ગેસ/લાકડા આધારિત સ્મશાનગૃહોને આધુનિક બનાવવા સહાયક અનુદાન આપવા બાબત

ગુજરાત સરકાર
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ
ઠરાવ નં. વસમ/૧૧૨૦૧૨/SI-61/ધ
સચિવાલય, ગાંધીનગર.
તા.૩૧/૦૧/૨૦૧૩

વંચાણે લીધા :

(૧). શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગનો તા. ૫-૧-૨૦૦૭નો ઠરાવ નં. વસમ-૧૧૨૦૦૬-૪૦૫૮-ર

(૨). શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગનો તા. ૨૧-૧૨-૨૦૧૧ નો ઠરાવ નં. વસમ/૧૧૨૦૧૦/SI-61/ધ

ઠરાવ :

આમુખમાં દર્શાવેલ તા. ૫-૧-૨૦૦૭ના ઠરાવથી રાજ્યની નગરપાલિકા વિસ્તારમાં વિદ્યુત/ગેસ આધારિત સ્મશાન ગૃહો બનાવવા માટે સહાયક અનુદાન આપવા અંગેની કૈલાસધામ યોજના અમલમાં મુકેલ છે. જ્યારે તા. ૨૧/૧૨/૨૦૧૧ ના ઠરાવથી આ યોજના અંતર્ગત નગરપાલીકાઓ દ્વારા નિભાવવામાં આવતા સ્મશાનો માટે ગેસ/વિધૃત સ્મશાનો બનાવવા/કન્વર્ઝન માટે સહાય ઉપરાંત નગરપાલિકા દ્વારા નિભાવવામાં આવતા વિદ્યુત/ગેસ/લાકડા આધારિત સ્મશાન ગૃહોમાં અન્ય માળખાકિય સુવિધાઓ માટે સહાય આપવાનુ અંગે નગરપાલિકાઓના વર્ગ પ્રમાણે સહાયની રકમના ધોરણો નવેસરથી નક્કી કરવામાં આવેલ હતા.

૨. નગરપાલિકા સંચાલિત સ્મશાનગૃહોના આધુનિકરણ કામો માટે ઉપરની યોજના હેઠળ સહાયક અનુદાન આપવાની બાબતે સરકારશ્રીએ કાળજીપૂર્વકની વિચારણાના અંતે હવેથી જે તે નગરપાલિકાની માલિકી અથવા વ્યવસ્થા હેઠળ હોય અથવા જાહેર નોંધાયેલ ટ્રસ્ટની માલિકી અથવા વ્યવસ્થા હેઠળ હોય અને જેનો ઉપયોગ કોઇ પણ જાતના પ્રતિબંધ સિવાય નગરના લોકો દ્વારા થતો હોય તેવા તમામ સ્મશાનગૃહોના આધુનિકરણ માટે સ્મશાન દીઠ નીચે પ્રમાણેની સહાય આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

| નગરપાલિકાનો વર્ગ | અ | બ | ક | ડ |
|---|---|---|---|---|
| સ્મશાન દીઠ મળવાપાત્ર સહાયની રકમ (લાખમાં) | ૨૫ | ૨૦ | ૧૫ | ૧૫ |

3. સ્મશાનના આધુનિકરણ માટે નીચે મુજબના કામો કરી શકાશે.

1) જમીન સમતલ કરવાનું કામ
2) કંપાઉન્ડ વોલ,
3) એન્ટરન્સ પોર્ચ ગેઈટ સાથે.
4) ઓફીસરૂમ, વોટરકુલર રૂમ એન્ડ. મ્યુઝિક રૂમ.
5) ભગવાનની મૂર્તિ, ગ્લાસ કેબિનેટ સાથે.
6) સ્ટાફ ક્વાટર્સ (ચાર)
7) ડેડ બોડી અંતિમ ફોર્મ (સ્વજનોને બેસવાની વ્યવસ્થા સાથે)
8) વુડન સ્ટોર રૂમ.
9) લાકડાની ચીતા કેચી તથા છત સાથે (ત્રણ નંગ),
10) પ્રાર્થના હોલ
11) વોટર ટેંક અને પંપ હાઉસ.
12) પાર્થ વે વીથ પેવીંગ.
13) ગાર્ડનીંગ.
14) વનીકરણ તથા પાર્કિંગ વ્યવસ્થા
15) ગરમ પાણી માટે સોલાર સિસ્ટમ
16) ટોયલેટ બ્લોક વિથ સાવર બાથ.
17) બાળકો માટે સ્મશાનગૃહ વિકાસ સ્મૃતિવન સાથે.
18) એંટ્રી આર.સી.સી.રોડ
19) લાઈટ સિસ્ટમ.
20) મેઇન રોડ તથા ફરતા રોડના ફ્લોરીંગનું કામ
21) ગ્લાસ મોજેક-પ્રેયર હોલ માટે
22) અન્ડરગ્રાઉન્ડ પાઇપાલાઇનની પાઇપો વિ.સામાન તથા મંજુરી

પર્યાવરણલક્ષી સમતુલા જળવાય અને પ્રદુષણ ઘટે તે માટે સ્મશાનોમાં લાકડાનો ઉપયોગ ઘટાડવો જરૂરી છે. આ માટે જ્યાં શક્ય અને વ્યવહારૂ હોય ત્યાં જે તે સ્મશાનની દરખાસ્તમાં ગેસ/વિધુત સ્મશાનો બનાવવા/કન્વર્ઝનના કામને અન્ય કામો સામે પ્રાધાન્ય આપવામાં આવશે.

૪. આ અનુદાન મેળવવા માટે કરવાનાં થતા કામોના નકશા તથા અંદાજો તૈયાર કરી તાંત્રિક મંજુરી સહિતની દરખાસ્ત ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ

બોર્ડની વહીવટી મંજુરી તથા ગ્રાંટ ચુકવણી માટે કલેક્ટરશ્રીના અભિપ્રાય સહ ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડને મોકલવાની રહેશે.

સ્મશાનગૃહ નગરપાલિકાના દરેક નગરજનો દ્વારા મોટા પ્રમાણમાં ઉપયોગમાં લેવામાં આવે છે અને ટ્રસ્ટ તરફથી કોઇ નગરજન ઉપયોગ ન કરી શકે એવા પ્રતિબંધ રાખવામાં આવેલ નથી તે અંગેનું નગરપાલિકાનુ પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. અનુદાનની મર્યાદા ઉપરનો ખર્ચ નગરપાલિકાની માલીકીના કિસ્સામાં લોકભાગીદારીથી તથા સ્વભંડોળમાંથી કરવાનો રહેશે જ્યારે ટ્રસ્ટની માલિકીના કિસ્સામાં લોકભાગીદારીથી તથા ટ્રસ્ટના સ્વભંડોળમાંથી કરવાનો રહેશે. આ યોજના ફકત નગરપાલિકા વિસ્તારના રહીશો માટેજ છે. આ યોજના અંતર્ગત કરવાની દરખાસ્ત નગરપાલીકા તરફથી રજુ કરવાની રહેશે

આ યોજનાનો ખર્ચ નીચે દર્શાવેલ સદરો હેઠળ ઉધારવાનો રહેશે. અને વર્ષો વર્ષ થનાર જોગવાઇમાંથી મેળવવાનો રહેશે.

---

(૧) સામાન્ય સદર

માંગણી નં.૧૦૨ મુખ્ય સદર-૨૨૧૭-શહેરી વિકાસ.

પેટા મુખ્ય સદર-૦૩-નાના અને મધ્યમ કદના નગરોનો સંકલિત વિકાસ

ગૌણ સદરઃ (૧૯૧) સ્થાનિક સંસ્થાઓ, નિગમો, શહેરી વિકાસ તંત્રો, નગર સુધારણા બોર્ડ વિગેરે માટે સહાય.

પેટા સદર(૪૬) યુડીપી-૦૫ નિર્મળ શહેર (આયોજન)

ચાર્જેબલ હેડઃ ૨૨૧૭ ૦૩ ૧૯૧ ૪૬ કોમ્પ્યુટર કોડઃ ૫૧૭૩૧૪

---

(૨) એસ.સી.પી સદર

માંગણી નં.૯૫ મુખ્ય સદર-૨૨૧૭-શહેરી વિકાસ.

પેટા મુખ્ય સદર-૦૩-નાના અને મધ્યમ કદના નગરોનો સંકલિત વિકાસ

ગૌણ સદરઃ (૧૯૧) સ્થાનિક સંસ્થાઓ, નિગમો, શહેરી વિકાસ તંત્રો, નગર સુધારણા બોર્ડ વિગેરે માટે સહાય.

પેટા સદર(૦૫) યુડીપી-૦૫ નિર્મળ શહેર (આયોજન)

ચાર્જેબલ હેડઃ ૨૨૧૭ ૦૩ ૧૯૧ ૦૫ કોમ્પ્યુટર કોડઃ ૧૩૭૩૧૪

---

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(કે.ડી.સુથાર)

નાયબ સચિવ,

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

નકલ રવાના પ્રતિ

- માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી (શ.વિ.) ના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ સચિવાલય, ગાંધીનગર
- સર્વે મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર
- મુખ્ય સચિવશ્રીના ઉપસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સર્વે અ.મુ.સચિવશ્રી/અગ્રસચિવશ્રી/સચિવશ્રી, સર્વે વિભાગો, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રીના રહસ્ય સચિવશ્રી શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, ઇલેક્ટ્રીસીટી ઉદ્યોગભવન, ગાંધીનગર
- વિભાગના સર્વે અધિકારીશ્રીઓ/ સર્વે શાખાઓ, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી નગરપાલિકાઓ ગુજરાત સરકાર ગાંધીનગર( સર્વે નગરપાલિકાઓને પરિપત્રિત કરવાની વીનંતી સહ)
- પ્રાદેશિક નિયામકશ્રી નગરપાલિકાઓ ગુજરાત સરકાર, રાજકોટ.
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત અર્બન ડેવલપમેન્ટ કંપની, ગાંધીનગર
- અધિક મુખ્ય કારોબારી અધિકારીશ્રી ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મીશન, ગાંધીનગર
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ, ગાંધીનગર
- એકાઉન્ટ જનરલ-૧ (ઓડીટ) ગુજરાત રાજ્ય, અમદાવાદ
- એકાઉન્ટ જનરલ-૨ (ઓડીટ) ગુજરાત રાજ્ય, રાજકોટ
- સર્વે કલેક્ટરશ્રી,
- પસંદગી ફાઇલ
- મદદનીશ પસંદગી ફાઇલ અને શાખા સીલેક્ટ ફાઇલ.

કૈલાસધામ યોજના - નગરપાલિકા વિસ્તારમાં વિદ્યુત/ગેસ/લાકડા આધારિત સ્મશાનગૃહોને આધુનિક બનાવવા સહાયક અનુદાન આપવા બાબત.

ગુજરાત સરકાર
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ વસમ/૧૧૨૦૧૦/એસ.એફ.-૬૧/ધ
સચિવાલય, ગાંધીનગર.
તા. ૧૮/૦૨/૨૦૧૫.

**વંચાણે લીધાઃ**

(૧) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગનો તા. ૫/૧/૨૦૦૭નો ઠરાવ ક્રમાંકઃ વસભ/૧૧૨૦૦૬/૪૦૫૮/૨.

(૨) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગનો તા. ૨૧/૧૨/૨૦૧૧નો ઠરાવ ક્રમાંકઃ વસમ/૧૧૨૦૧૦/S.F.-61/ધ.

(૩) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગનો તા. ૩૧/૧/૨૦૧૩નો ઠરાવ ક્રમાંકઃ વસમ/૧૧૨૦૧૨/S.F.-61/ધ.

**ઠરાવઃ**

વંચાણે લીધા ક્રમાંક (૧) માં દર્શાવેલ આ વિભાગના તા. ૫/૧/૨૦૦૭ ઠરાવથી રાજ્યની નગરપાલિકાઓમાં વિદ્યુત/ગેસ આધારિત સ્મશાનગૃહો માટે સહાયક અનુદાન આપવા અંગેની કૈલાસધામ યોજના અમલમાં મૂકેલ છે. તેમજ વંચાણે લીધા ક્રમાંક (૨) માં દર્શાવેલ આ વિભાગના તા. ૨૧/૧૨/૧૧ના ઠરાવથી આ યોજના અંતર્ગત નગરપાલિકાઓ દ્વારા નિભાવવામાં આવતા સ્મશાનો માટે ગેસ/વિદ્યુત સ્મશાનો બનાવવા/કન્વર્ઝન માટે સહાય ઉપરાંત નગરપાલિકા દ્વારા નિભાવવામાં આવતા વિદ્યુત/ગેસ/લાકડા આધારિત સ્મશાનગૃહોમાં અન્ય માળખાકિય સુવિધાઓ માટે સહાય આપવાનું અને નગરપાલિકાઓના વર્ગ પ્રમાણે સહાયની રકમના ધોરણો નક્કી કરવામાં આવેલ હતા. ત્યારબાદ વંચાણે લીધા ક્રમાંક (૩) માં દર્શાવેલ આ વિભાગના તા. ૩૧/૧/૧૩ના ઠરાવથી નગરપાલિકાની માલિકી અથવા વ્યવસ્થા હેઠળ હોય તે ઉપરાંત જાહેર નોંધાયેલ ટ્રસ્ટની માલિકી અથવા વ્યવસ્થા હેઠળ હોય અને જેનો ઉપયોગ

કોઇપણ જાતના પ્રતિબંધ સિવાય નગરના લોકો દ્વારા થતો હોય તેવા તમામ સ્મશાનગૃહોના આધુનિકરણ માટે સહાય આપવાનું ઠરાવવામાં આવેલ હતું. આ ઠરાવમાં સ્મશાનના આધુનિકરણ માટે સહાય મેળવવા માટે ૨૨ પ્રકારના કામો નિયત કરવામાં આવેલ હતાં તેમાં વિદ્યુત/ગેસ આધારિત ઇકો ફ્રેન્ડલી સ્મશાનગૃહ માટેની ભઠ્ઠીના કામનો સમાવેશ કરવામાં આવેલ ન હતો. આ યોજનાનો લાભ નગરપાલિકાઓ વ્યાપક પણે લઇ શકે તે માટે કાળજીપૂર્વકની વિચારણાના અંતે તા. ૩૧/૧/૧૩ના ઠરાવના ફકરા – ૩ માં સ્મશાન આધુનિકરણના ૨૨ કામો નિયત કરેલ છે તેમાં ક્રમાંક (૨૩) થી નીચે મુજબના કામનો સમાવેશ કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

ક્રમાંક (૨૩) વિદ્યુત/ગેસ આધારિત ઇકો ફ્રેન્ડલી સ્મશાનગૃહ માટેની ભઠ્ઠીનું કામ **(સંચાલન અને નિભાવ સિવાય)**

૨. વંચાણે લીધા ક્રમાંક (૩) માં દર્શાવેલ આ વિભાગના તા. ૩૧/૧/૨૦૧૩ના ઠરાવની અન્ય જોગવાઇઓ યથાવત રહેશે.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મનીષ મોદી)
ઉપ સચિવ
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ

<u>નકલ રવાના પ્રતિ,</u>

- માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના ઉપ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે અ.મુ.સ.શ્રી / અગ્ર સચિવશ્રી / સચિવશ્રી, સર્વે વિભાગો, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

- કમિશ્નરશ્રી, ઇલેકટ્રીસીટી, ઉદ્યોગભવન, ગાંધીનગર.
- વિભાગના સર્વે અધિકારીશ્રીઓ / સર્વે શાખાઓ, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, નગરપાલિકાઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર. (સર્વે નગરપાલિકાઓને પરિપત્રિત કરવાની વિનંતી સહ.)
- પ્રાદેશિક નિયામકશ્રી, નગરપાલિકાઓ, ગુજરાત રાજ્ય, રાજકોટ.
- વહીવટી સંચાલકશ્રી, ગુજરાત અર્બન ડેવલપમેન્ટ કંપની, બ્લોક નં-૫ / ૬ માળ. ઉધોગ ભવન, ગાંધીનગર.
- અધિક મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મિશન, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ, સેકટર-૧૦/બી, ગાંધીનગર.
- એકાઉન્ટ જનરલ-૧ (ઓડિટ), ગુજરાત રાજ્ય, અમદાવાદ.
- એકાઉન્ટ જનરલ-૧ (ઓડિટ), ગુજરાત રાજ્ય, રાજકોટ.
- સર્વે કલેકટરશ્રી,
- સીલેકટ ફાઇલ.